ગાંધીનગર સમાચાર

સે-૭માંથી ૧૨ દબાણો હટાવાયા

# મનપાએ સે-૨૨માં ૧૨ મિલ્કતો સીલ કરી

**વેપારીઓ આગ બબુલા : આજે મૌન રેલી યોજશે : જરૂર પડે તો બંધનુ એલાન પણ કરશે : આજે પણ અભિયાન ચાલુ રહેશે**









(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરમાં રહેણાંક વિસ્તારમાં થતી કોર્મશિયલ પ્રવૃતિને અટકાવવા માટે મહાનગરપાલિકા દ્વારા મિલ્કતો સીલ કરવાનુ શરૂ કરી દેવાયુ છે. આજે સે-૨૨ના ઘ-૬ વિસ્તારમાં ૧૨ જેટલી મિલ્કતો તંત્ર દ્વારા સીલ કરી દેવામાં આવી હતી. મિલ્કતો સીલ કરવામાં આવતા વેપારીઓમાં આક્રોશ પ્રવર્તયો હતો.તંત્ર દ્વારા બુધવારે પણ આ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. ત્યારે નગરના વેપારીઓ દ્વારા આજે તેના વિરોધમાં મહામૌન રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગરમાં વધતા દબાણોને અનુલક્ષી અગાઉ હાઈકોર્ટમાં પી આઈ એલ દાખલ કરવામાં આવી હતી. જેમાં દબાણના મામલે તંત્ર કક્ષાએ ધ્યાન આપવામાં ન આવતો હોવાનુ ધ્યાને આવતા હાઈકોર્ટ દ્વારા આ મામલે કોર્પોરેશનની જવાબદારી નક્કી કરી રહેણાંક વિસ્તારમાં કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરાવવાની કાર્યવાહી કરી આગામી તા ૬ જાન્યુઆરીએ રીપોર્ટ સુપ્રત કરવા આદેશ કર્યો હતો. જયારે કોર્પોરેશનને આ મામલે મિલ્કતધારકોને નોટીસ પણ આપવામાં આવી હતી. આમછતા આ અંગે યથાવત સ્થિતિ જળવાઈ રહેતા આજે તંત્રએ મિલ્કતો સીલ કરવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં હવે રહેણાંક વિસ્તારમાં થતી કોર્મશિયલ પ્રવૃતિને અનુલક્ષી મિલ્કતો સીલ કરવાનુ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યુ છે. આજે સે-૨૨ ઘ-૬ વિસ્તારમાંથી તંત્ર દ્વારા ૧૨ જેટલી મિલ્કતો સીલ કરી દેવાતા વેપારીઓમાં હાહાકાર મચી ગયો હતો. કોર્પોરેશનની દબાણટીમ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયતની પ્રથમ સભાની વણકથી વાતો...

- આજે કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો પક્ષનો ખેસ ધારણ કરી આવ્યા હતા.
- સભા શરૂ થતાં પૂર્વે અસંતુષ્ટ જૂથના નેતા શ્રી અરવિંદસિંહ સોલંકીએ સૌને અંગ્રેજીમાં કહ્યું "ઓલ ઈઝ વેલ"
- ભાજપના સભ્યો પાંચ જ હોવાથી કોંગીના સભ્યો આવી ગયા પછી તેઓ આવ્યા હતા. સભામાં સૌથી છેલ્લે ગીતાબેન ઠાકોર આવ્યા હતા.
- પંચાયતના સભ્યોની સંખ્યા ૩૦ની થતાં આજે સભ્યોને બેસવા માટે હોલ નાનો પડ્યો હતો.
- વિપક્ષને પ્રમુખશ્રીની ખુરશીની સામેની રો માં સ્થાન અપાયું છે.
- પંચાયતમાં મહિલા સભ્યો એક બાજુ અને પુરૂષ સભ્યો કોંગ્રેસના એક બાજુ બેઠા હતા.
- આજની પ્રથમ સામાન્ય સભામાં ધારાસભ્યો જે પંચાયતની બેઠકમાં આમંત્રિત હોય છે તેમને હાજર રખાયા ન હતા.
- સમગ્ર બેઠકની વિડીયોગ્રાફી કરાઈ હતી.
- અધ્યાશી અધિકારી મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરીને મદદરૂપ થવા માટે નાયબ કલેક્ટર સુશ્રી નીશા શર્મા તેમજ ચૂંટણી શાખાના અધિકારીઓ પણ સભાખંડમાં હાજર રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતની સાત સમિતિઓમાં અસંતુષ્ટ જૂથને સ્થાન અપાશે

**ઘીના ઠામમાં ઘી પડી જતાં કોંગી આગેવાનો ગેલમાં : ક્ષણિક મતભેદને મનભેદમાં ન ખપાવાય : નેતાઓ : રાત્રે ૧ વાગે સમજૂતિ સધાતાં સૌએ હાશકારો અનુભવ્યો**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સત્તાને લઈ ઉભી થયેલી તીવ્ર જૂથબંધીને ગઈ મોડી રાત્રે એક વાગે નાથવામાં પ્રદેશ અને જિલ્લાની નેતાગીરીને સફળતા મળી હતી.

આજે સવારે સરકીટ હાઉસ ખાતે બન્ને જૂથના સભ્યોની



સામુહિક બેઠક મળી હતી અને ગઈ ગુજરી ભુલી જઈ કોંગ્રેસના સંગઠ્ઠનને વધુ મજબુત બનાવી જિલ્લાના સંતુલિત વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવાની સલાહ પક્ષના મોવડીઓએ આપી હતી.

કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયતની નવ સમિતિઓમાંથી સાત સમિતિઓમાં અસંતુષ્ટ જૂથના જ સભ્યોને સ્થાન અપાશે જયારે બે સમિતિઓમાં અન્ય સભ્યોને સ્થાન અપાશે તેની સમજૂતી થઈ હતી. આ ઉપરાંત સમિતિઓની કામગીરીમાં કોઈપણ પ્રકારની દખલગીરી નહિ

● અનુસંધાન પાન-૭ પર

### નવા પ્રમુખ-ઉપપ્રમુખ સોમવારે કાર્યભાર સંભાળશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવનિર્વાચીન પ્રમુખ શ્રી રામાજી ઠાકોર અને ઉપપ્રમુખશ્રી ભરતભાઈ પટેલ સોમવારે વિધિવત્ રીતે પોતાના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે. વિજય બાદ તેમણે જણાવ્યુ હતુ કે સોમવારે ૧૨.૩૯ મિનિટે વિધિવત્ રીતે તેઓ કાર્યભાર સંભાળી લેશે.

### ભાજપને સત્તા મેળવવાનું સ્વપ્ન આવ્યુ હતુ : નરેશ રાવલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પુનઃ સત્તા મેળવવા માટે વિપક્ષ ભાજપની ડાળખી ચસકી હતી પરંતુ કોંગી સભ્યોની એકતાએ તેમને ફાવવા દીધા નથી તેમ કોંગ્રેસના નિરીક્ષક અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી નરેશ રાવલે આજે પત્રકારોને જણાવ્યુ હતુ.

શ્રી રાવલે કહ્યું હતુ કે કોંગ્રેસના બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં ભાજપને ગલગલિયાં થયા હતા પરંતુ અમારા બન્ને ઉમેદવારોને એવુ હતુ કે મેન્ડેટ મારા નામનો આવશે અને લોકશાહીમાં દરેકને આ અધિકાર હોય છે. અમારા કોઈ સભ્યોમાં કચવાટ નથી કે મતભેદ નથી કે મનભેદ પણ નથી અમે એક છીએ અને એક રહીશુ એ તમે મતદાન પરથી જોઈ શકો છો.

## ઠંડીમાં બે ડિગ્રી જેટલો ઘટાડો : પારો ૮.૫ ડિ.સે.

ગાંધીનગર, તા.૨૨

જમ્મુ-કાશ્મીર સહિત ઉત્તર ભારતના વિસ્તારોમાં થઈ રહેલી હિમવર્ષાની અસર સમગ્ર ગુજરાતમાં વર્તાઈ રહી છે. લઘુત્તમ તાપમાનમાં આજે બે ડિગ્રી જેટલો ઘટાડો થતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

ઠંડીનું મોજું વસાહતીઓને હેરાન પરેશાન કરી રહ્યું છે. આક્રમક ઠંડીના કારણે જનજીવન સુમસામ બન્યું છે. સાંજ પડતા જ વસાહતીઓ ઘરમાં પુરાઈ જવાનું પસંદ કરે છે. બારી બારણાં પણ ખોલી શકાતા નથી. અનિવાર્ય સંજોગોમાં જો ઘરની બહાર નીકળવું પડે તેવું જ હોય તો ઠંડીમાં રીતસર ઠુંઠવાઈ જવાય છે. ગરમ વસ્ત્રો પણ બે ત્રણ પહેરવા પડે તેવી આકરી ઠંડી અનુભવાય છે. જમ્મુ કાશ્મીર સહિતના ઉત્તર ભારતના વિસ્તારોમાં પડી રહેલી હીમવર્ષાની અસર સમગ્ર ગુજરાત-રાજસ્થાનમાં અનુભવાઈ રહી છે. ગુજરાતની નજીક આવેલા માઉન્ટ આબુનું તાપમાન માઈનસની નજીક પહોંચતા ગાંધીનગર સહિતના ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ઠંડીનું જોર ખુબ વધ્યું છે.

દિવસ દરમિયાન પણ સતત ઠંડા પવનો ફુંકાતા રહે છે જેના કારણે વસાહતીઓને દિવસ દરમિયાન પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. ઠંડા પવનથી બચવા માટે દિવસ દરમિયાન પણ કાન ટોપી રૂમાલ બાંધવો પડે છે. રાહદારીઓ અને દ્વિચક્રી વાહનચાલકોને ઠંડી ખુબ હેરાન કરી રહી છે. આજે લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. જયારે મહત્તમ તાપમાન ૨૬.૨ ડિ.સે. નોંધાયું હતું.

## સે-૭માંથી ૧૨ દબાણો હટાવાયા

### શહેરમાં અત્યાર સુધી ૮૪ ઝુંપડાના દબાણો હટાવાયા

ગાંધીનગર તા ૨૨

શહેરના સેકટરોમાં ઝુંપડાના દબાણો દુર કરવાના અભિયાન અન્વયે આજે સે-૭માં થી ઝુંપડાના ૧૨ દબાણો દુર કરાયા હતા. જયારે દબાણની ટીમ સ્થળ પર ત્રાટકે તે પહેલા જ સેકટરમાંથી લારી ગલ્લા સહીતના અન્ય દબાણો અદ્રશ્ય થઈ ગયા હતા.

**આજે સે-૧૩માંથી ઝુંપડા દુર કરાશે સે-૭માં દબાણ તંત્ર ત્રાટકે તે પહેલા જ દબાણો અદ્રશ્ય થઇ ગયા**

ગાંધીનગરમાં હાલ દબાણનો મુદ્દો ટોક આફ ધ ટાઉન બન્યો છે. શહેરમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવા તંત્ર દ્વારા છેલ્લા એક અઠવાડીયાથી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અગાઉ પણ સે-૨૧, ૩૦, ૨૦ અને સ-૨૨માંથી દબાણો દુર કરવામાં આવ્યા હતા. જયારે સેકટર મુજબ દબાણો દુર કરવાની કાર્યવાહી ચાલી રહી છે. ત્યારે તબક્કાવાર તંત્રની ટીમ દ્વારા સેકટરોમાંથી ઝુંપડાના દબાણો દુર કરવામાં આવી રહયા છે. અગાઉ પણ સેકટરોમાંથી ઝુંપડાના ૮૪ જેટલા દબાણો દુર કરાયા હતા. જયારે આજે સે-૭માં પણ દબાણતંત્રની ટીમ ત્રાટકી હતી. આ દરમિયાન તંત્ર દ્વારા સેકટરમાંથી ૧૨ જેટલા ઝુંપડાના દબાણો દુર કરવામાં આવ્યા હતા. સેકટર -૭માં આમ પણ દબાણોની સંખ્યા વિશેષ હોવાથી સેકટરના સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ત્યારે આજે દબાણ તંત્રની ટીમ ત્રાટકવાની હોવાની વાત ધ્યાને આવતા સેકટરમાં સવારથી જ દબાણો ગાયબ થઈ ગયા હતા. તંત્ર દ્વારા આજે સે-૧૩માં થી ઝુંપડાના દબાણો દુર કરવામાં આવશે.

## બિલ્ડીંગ મટીરીયલ્સની એજન્સી અપાવવાના બહાને કરોડોની છેતરપીંડી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર અને અમદાવાદ વિસ્તારના બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન લાઈન સાથે સંકળાયેલા વેપારીઓને ટાર્ગેટ બનાવીને સિમેન્ટ-લોખંડ જેવા સામાનની નામી કંપનીઓની એજન્સી અપાવવાના બહાને કુડાસણનો એક શખ્સ કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવી ગયો છે. બે વેપારીઓ પાસેથી રૂ. ૧.૮૭ કરોડ ઉઘરાવ્યા ઉપરાંત અન્ય ૧૨ વેપારીઓના લાખો રૂપિયા એજન્સી અપાવવાના નામે લઈ જઈ કુડાસણનો શખ્સ અન્ડરગ્રાઉન્ડ થઈ ગયો છે. ઈન્ફોસીટી પોલીસે આ શખ્સ સામે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ આરંભી છે.

**કુડાસણનો શખ્સ બે વેપારી પાસેથી ૧.૮૭ કરોડ ઉપરાંત અન્ય ૧૨ વેપારીઓના પણ લાખો રૂપિયા લઈ અન્ડરગ્રાઉન્ડ થઈ ગયો : પોલીસ ફરીયાદ**

ગાંધીનગર નજીક કુડાસણ ખાતે સ્થિત અક્ષત બંગ્લોઝમાં રહેતા જગદીશભાઈ કનુભાઈ પટેલને કુડાસણના પ્રમુખ આર્કેટમાં રહેતા જયેશ મનસુખ જાવીયા નામનો શખ્સ મળ્યો હતો. મે માસથી આજ દિન સુધીના સમયગાળામાં તબક્કાવાર બેઠકો કરીને જયેશે જગદીશભાઈને બાટલીમાં ઉતાર્યા હતા. નિરમા કંપનીની નિર્મેક્ષ સિમેન્ટની ડીલરશીપ અપાવવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ જુદા જુદા સમયે ૧.૩૧ કરોડ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com